તા. ૧૭.૦૯.૨૦૨૪

ગુજરાત સમાચાર (ગાંધીનગર આવૃત્તિ), પાના નં. ૦૨

### અમદાવાદના માર્ગો ઉપરનો ટ્રાફિક હળવો થશે : સવારે સાત વાગ્યાથી રેલ દોડશે

# ગાંધીનગર 'મેટ્રો' બન્યું:અમદાવાદ સાથે અંતે નવી કનેક્ટીવીટીથી જોડાયું

ગાંધીનગર,સોમવાર

ભારતના વડાપ્રધાનના હસ્તે આજે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ- ૨ ( મોટેરા- ગાંધીનગર) નો આરંભ કરાવ્યો હતો. મેટ્રો રેલના આરંભ બાદ વડાપ્રધાને સેકટર- ૧ સ્ટેશનથી ગીફટ સીટી સુધી મેટ્રો રેલમાં મુસાફરી કરી હતી. વડાપ્રધાને વિવિધ સ્ટેશન ખાતે નાગરિકોનું અભિવાદન પણ ઝીલ્યું હતું.

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ત્રણ દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવ્યા છે. ચોથા વૈશ્વિક નવીકરણીય સંમેલન અને એક્સ્પો થ રી ઈન્વેસ્ટ નો મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે શુભારંભ કરાવ્યો હતો. ત્યારબાદ આજે બપોરના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ- ૨ એટલે કે મોટેરા થી ગાંધીનગર સુધીના મેટ્રો રેલનો આરંભ કરાવામાં આવ્યો હતો.





વડાપ્રધાને સેકટર- ૧ ખાતે આવેલા મેટ્રો રેલના સ્ટેશન ખાતે મેટ્રો રેલનો આરંભ કરાવવા પહોંચ્યા હતા. તે સમયે સ્થાનિક નગરજનો દ્વારા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કરવા માટે ઉમટી પડ્યા હતા. દેશના વડાપ્રધાનનું સ્વાગત ઢોલ, નગારા, ત્રાંસ્વ, ઘંટારવ ગુંજારવથી સેકટર- ૧ ના મેટ્રો રેલ સ્ટેશન ખાતે કરવામાં આવ્યું હતું. મોટેરા થી ગાંધીનગરના ફેઝ- ૨ મેટ્રો રેલનો આરંભ કરાવતાં પહેલા વડાપ્રધાને રેલ સ્ટેશનની મુલાકાત લીધી હતી. તેની સુવિધાઓ સહિત અન્ય વિસ્તૃત માહિતી મેળવી હતી. મેટ્રો રેલનો આરંભ કરાવ્યા બાદ તેમણે મેટ્રો રેલમાં બેસીને મુસાફરી કરી હતી. વડાપ્રધાન સાથે મેટ્રો રેલની મુસાફરીમાં ગુજરાત રાજયના રાજયપાલ આચાર્ય દેવવ્રત, મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી સહિત સ્થાનિક ધારાસભ્યો અને અન્ય મહાનુભાવો તથા અધિકારીઓ જોડાયા હતા. આ મેટ્રો રેલની મુસાફરી દરમિયાન વડાપ્રધાનએ તેમની મુસાફરીમાં સહભાગી બનેલા શાળા-કોલેજના અગિયાર વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

## મેટ્રો ટ્રેન બે શહેરો વચ્ચેની જીવાદોરી સમાન બની રહેશે

મેટ્રોના પ્રારંભ પ્રસંગે રાંદેસણના રહેવાસી રાકેશન ભાખરિયાએ જણાવ્યું હતું કે, 'મેટ્રોના પ્રોજેક્ટની સફળતા બદલ નગરજનોને અભિનંદન! બે શહેરો વચ્ચે ચાલતી આ ટ્રેન ખરેખર પરિવહનની જીવા દોરી સમાન બની રહેશે.આજે આ ક્ષણે ગાંધીનગરના એક નાગરિક તરીકે ગર્વની અનુભૂતિ થાય છે, અને ગાંધીનગરને મેટ્રો ટ્રેનની આ ભેટ આપવા બદલ સર્વે નગરજનો વતી પ્રધાનમંત્રીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.'કુડાસણના ગુણવંતભાઈ પટેલે જણાવ્યું હતું કે,'છેલ્લા ૨૦ વર્ષથી રાંદેસણ વિસ્તારમાં રહેતા ગુણવંતભાઈ પટેલ નાગરિક તરીકે જણાવે છે કે, વિકસિત થતા ગાંધીનગરને જોતા ખૂબ આનંદ અનુભવું છું. ગાંધીનગરમાં સૌપ્રથમ મેટ્રો ટ્રેન શરૂ થઈ છે તે ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યાની ખૂબ જ ખુશી સાથે ગર્વ પણ અનુભવું છું.'

## અપડાઉન કરતા નોકરિયાત તથા વિદ્યાર્થીઓની તકલીફ દૂર થશે

ઘણા વર્ષોથી જેની રાહ જોઈ રહ્યા હતા તે સ્વપ્ન આજે સાકાર થશે.પીડીઈયુની વિદ્યાર્થિની વોલસી ચૌધરીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી દ્વારા મેટ્રોના લોકાર્પણ પ્રસંગે એક વિદ્યાથી તરીકે હાજર રહેવાની જે તક મળી છે તે અમારું સૌભાગ્ય છે. સામાન્ય નાગરિકો પણ હવે એ.સી વાળી અને એમાં પણ નજીવા ભાડાથી ચાલતી ટ્રેનમાં બેસી શાંતિની સફર માણી શકશે અપડાઉન કરતા નોકરીયાત, વિદ્યાથીઓ વગેરેની રોજિંદી પરિવહનની તકલીફો મેટ્રો દ્વારા દૂર કરી દીધી.

## મેટ્રો સ્ટેશન સુધી રિક્ષા-સિટી બસનું નેટવર્ક જોડવું જોઈએ

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે આખરે મેટ્રો રેલ શરૂ થઈ ગઈ છે ત્યારે મેટ્રો સ્ટેશનથી ૩૫થી ૪૦ રૂપિયામાં અમદાવાદના વસ્ત્રાલ સ્ટેશન સુધી મેટ્રો રેલમાં એસીમાં બેસાડીને લઈ જવાશે પરંતુ અહીં સે-૧, ઈન્ફોસિટી, રાંદેસણ, પીડીઈયુ, ગિફ્ટસિટી સહિતના મેટ્રો સ્ટેશન સુધી રહિશો-મુસાફરોને જવું હોય તો ત્યા સુધી રિક્ષા કે સિટી બસ સર્વિસ નથી.જેના કારણે મુસાફરને મુકવા માટે અન્ય કોઈ વાહન-વ્યક્તિનો સહારો લેવો પડે છે અથવા તો વધુ રૂપિયા આપીને કેબ કે રિક્ષામાં જવુ પડે છે. આવી સ્થિતિ વચ્ચે સમેળભર્યા રૂટ-કનેક્ટીવીટીને જાળવી રાખવી હોય તો સિટી બસ સર્વિસ પણ મેટ્રોના રૂટ-ટાઈમીંગ પ્રમાણે જે તે સ્ટેશન સુધીની ગોઠવીને મુસાફરોને વધુ સરળીકરણ કરી શકાય તેવી પણ માંગણી ઉઠી છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેટ્રો રેલમાં સેક્ટર-૧થી ગિફ્ટસિટી સુધીની મુસાફરી કરી સેવા, સલામતી, ભાડું, સુવિધા, વ્યવસ્થા તેમજ પ્રોજેક્ટ અંગે વિસ્તૃત માહિતી મેળવી